## ગામડાના બજારો

| | | | | | |
|---|---|---|---|---|---|
| | વિજાપુર | | | દહેગામ | |
| એરંડા | ૭૫૫ | ૭૫૮ | બાજરી | ૨૦૧ | ૨૦૪ |
| ઘઉં | ૨૪૦ | ૨૮૫ | ઘઉં | ૨૩૫ | ૨૪૫ |
| જુવાર | ૪૦૦ | - | ડાંગર | ૩૦૦ | ૩૦૨ |
| બાજરી | ૨૦૧ | ૨૦૪ | ગવાર | ૩૭૦ | ૩૯૦ |
| | કુકરવાડા | | મકાઈ | ૧૮૦ | ૨૦૫ |
| રાયડો | ૭૩૫ | ૭૪૫ | તુવેર | ૫૫૦ | ૭૦૦ |
| બાજરી | ૧૮૦ | ૨૧૩ | જુવાર | ૪૨૫ | ૫૦૦ |
| ઘઉં | ૨૧૭ | ૨૯૭ | રાયડો | ૪૦૦ | ૪૪૦ |
| | ગોઝારીયા | | એરંડા | ૭૩૫ | ૭૪૦ |
| ઘઉં | ૨૫૦ | ૨૫૬ | | રખિયાલ | |
| બાજરી | ૧૯૧ | ૨૦૧ | બાજરી | ૨૦૦ | ૨૦૨ |
| રાયડો | ૪૫૩ | ૪૬૮ | ઘઉં | ૨૩૦ | ૨૪૦ |
| | તલોદ | | ડાંગર | ૨૪૦ | ૩૦૦ |
| એરંડા | ૭૩૫ | ૭૪૦ | ગવાર | ૩૫૦ | ૩૭૦ |
| મગ | ૭૯૦ | ૮૨૦ | મકાઈ | ૧૭૦ | ૧૯૦ |
| ઘઉં | ૨૪૩ | ૨૯૧ | તુવેર | ૫૦૦ | ૭૦૦ |
| બાજરી | ૧૯૫ | ૨૧૪ | જુવાર | ૪૧૦ | ૪૮૦ |
| મકાઈ | ૨૦૫ | ૨૧૪ | રાયડો | ૩૯૦ | ૪૧૮ |
| ગવાર | ૩૭૦ | ૩૯૮ | એરંડા | ૭૩૦ | ૭૩૫ |
| | સલાલ | | | હિંમતનગર | |
| ઘઉં | ૨૪૦ | ૨૬૫ | એરંડા | ૭૪૦ | ૭૪૫ |
| બાજરી | ૧૫૫ | ૨૦૫ | ઘઉં | ૨૪૦ | ૨૯૭ |
| મગફળી | ૭૧૦ | ૭૭૦ | બાજરી | ૨૦૩ | ૨૦૬ |
| ડાંગર નવા | ૩૦૦ | ૩૧૦ | મકાઈ | ૨૧૦ | ૨૧૫ |
| ડાંગર ગુ.૧૭ | ૨૧૦ | ૨૩૦ | ચણા | ૩૭૦ | ૪૦૦ |
| | પ્રાંતિજ | | તુવેર | ૬૨૫ | ૭૦૦ |
| ઘઉં | ૨૬૫ | ૩૦૦ | મગ | ૬૦૦ | ૭૦૦ |
| બાજરી | ૧૯૦ | ૨૦૦ | ગવાર | ૩૬૫ | ૩૭૫ |
| એરંડા | ૭૧૦ | ૭૧૫ | ડાંગર | ૨૨૫ | ૨૫૦ |
| ડાંગર | ૩૦૦ | ૩૧૫ | | ઈડર | |
| ડાંગર જયા | ૨૧૦ | ૨૨૮ | ઘઉં | ૨૫૦ | ૨૭૬ |
| | ધનસુરા | | મકાઈ | ૨૧૦ | ૨૧૮ |
| એરંડા | ૭૨૫ | ૭૪૦ | એરંડા | ૭૩૫ | ૭૪૫ |
| બાજરી | ૨૦૦ | ૨૦૬ | બાજરી | ૨૦૦ | ૨૧૦ |
| મકાઈ | ૨૦૫ | ૨૧૭ | | કડી | |
| ઘઉં | ૨૪૦ | ૨૭૦ | ઘઉં | ૨૪૦ | ૨૭૯ |
| | ખેડબ્રહ્મા | | બાજરી | ૧૩૭ | - |
| ઘઉં લોકવાન | ૨૫૦ | ૨૭૫ | ડાંગર | ૨૨૦ | ૨૫૯ |
| ઘઉં ચાલુ | ૨૬૫ | ૩૦૦ | જવ | ૨૩૪ | - |
| મકાઈ | ૨૦૬ | ૨૧૦ | એરંડા | ૭૧૧ | ૭૪૨ |
| એરંડા | ૭૪૦ | ૭૫૦ | જીરૂ | ૨૩૭૫ | ૨૪૪૫ |
| | મોડાસા | | | સાણંદ | |
| એરંડા | ૭૫૦ | ૭૫૬ | જીરૂ | ૨૩૬૦ | - |
| બાજરી | ૧૯૮ | ૨૦૬ | ઘઉં | ૨૨૦ | ૨૪૦ |
| ઘઉં | ૨૫૮ | ૨૮૭ | ડાંગર | ૨૦૮ | ૨૧૬ |
| મગ | ૫૪૦ | ૭૦૫ | ડાંગર ગુજ. | ૨૨૮ | ૨૩૦ |
| | ટીંટોઈ | | | બાવળા | |
| ઘઉં | ૨૪૦ | ૨૫૫ | ડાંગર | ૨૫૦ | - |
| બાજરી | ૧૯૦ | ૨૦૭ | ઘઉં | ૨૬૬ | ૨૭૫ |

# સપ્તાહ દરમ્યાન બેઉતરફી વધઘટે શેરોમાં ઉછાળો
# ચાંદી રૂા. ૩૧૬૯૦ની નવી ઉંચી સપાટીએ બંધ

(વાણિજય પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ-શનિવાર

મુંબઈ શેરબજારમાં આજે શનિવારને કારણે બજાર સોદા માટે સદંતર બંધ રહયું હતુ અને ખાનગીમાં કોઈપણ જાતના સોદાઓનું કામકાજ થયું નહતું.

બજારના વર્તુળોના જણાવ્યા પ્રમાણે ચાલુ સપ્તાહમાં દેશના શેરબજારોમાં તેજી જોવાઈ હતી. કારણ કે વૈશ્વિક શેરબજારોમાં આ અઠવાડિયા દરમ્યાન ભારે ચઢ ઉતર થઈ હતી. તેનીસીધી અસર દેશના શેરબજારોમાં થઈ હતી અને તેના કારણે બીએસઈ સેન્સેકસમાં પણ ઉછાળો થયો હતો બીજી બાજુ જીડીપીના આંકડા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સારા આવ્યા છે તેની પણ બજારને સુધરવા માટે મદદ મળી હતી.

## સોનામાં વધુ રૂા.૯૫નો કડાકો

બજારના એક આગેવાન દલાલના જણાવ્યા પ્રમાણે દેશના શેરબજારોમાં ચાલુ સપ્તાહ દરમ્યાન મંદી અને તેજીના પરસ્પષ વિરોધી તબકકાઓ તીવ્રવશો વધઘટના અંતે મુંબઈ શેરબજારના ભાવાંકો તેમજ વ્યકિતગત શેરોના ભાવ આગલા સપ્તાહના શુક્રવારની બંધની સપાટીઓના મુકાબલો વ્યાપક પણે વધીને બંધ રહયા હતા. વિદેશોનાં અર્થતંત્રોના નકારાત્મક હેવાલો તથા ત્યાનાં શેરબજારોમાં પડેલા નાના-મોટા ગાબડાઓ પાછળ નકારાત્મક અસર હેઠળ અહીયાના શેરબજારો વિદેશી સંસ્થાઓની વેચવાલીના દબાણો તીવ્રવાયો પછા પડયા હતા અને બીએસઈ ભાવાંક ૧૮૦૦૦ની સપાટી તોડીને ૧૭૯૪૪ જેટલો નીચે આવી ગયો હતો.

મંગળવારે જીડીપી વિકાસનો આંકડો જાહેર થયો હતો જે આગલા સરખામણીના ગાળાના મુકાબલે તો સારો હતો પરંતુ છેલ્લા કેટલાય ત્રિમાસિક ગાળાનાએ આંકડામાં મુકાબલે પણ ઉંચો હતો. જો કે મંગળવારે મંદીવાળોએ બજારને પછાડવાનું જ નકકી કર્યું હોઈ જીડીપી ગ્રોપના ઉંચા વિકાસની કોઈ હકારાત્મક અસર બજાર પર ખાસ થવા દીધી ન હતી.

નાણા પ્રધાને ગત સોમવારે આવકવેરા સબળ ડાયરેકટર ટેકસ કોંગ્રેસ લોકસભાની મંજુરી માટે રજૂ કર્યો હતો. જેમાં કંપનીઓને ખાસ રાહત મળી નહી હોવાની અને મેટના દર બે ટકાથી વધારવાની દરખાસ્ત હોઈ આરંભમાં આ ખરડાની શેરબજાર પર નકારાત્મક અસર થવાની વાત ચલવાઈ હતી. પરંતુ આવી નગલ્પ બાબતો શેરબજારની ગતિવિધિઓ આડે આવી શકતી નથી. એ પણ આ સપ્તાહના બુધવારે જયારે શેરોના ભાવ વ્યાપક થયો ઉછળી પડયા ત્યારે સભલાઈ ગઈ હતી.

સપ્તાહના કામકાજના અંતે મુંબઈ શેરબજારનો ઈન્ડેક્ષ ૨૨૩ પોઈન્ટનો ઉછાળો થયો હતો અને નેશનલ સ્ટોક એકસચેન્જનો નિફટી ઈન્ડેક્ષ ૭૦ પોઈન્ટનો ઉછાળો થયો હતો આમ સપ્તાહ દરમ્યાન દેશના શેરબજારોમાં તેજી જળવાઈ રહી હતી.

સોના ચાંદી બજાર : મુંબઈ બુલિયન બજારમાં આજે સોનામાં નરમાઈ અને ચાંદીમાં ઉછાળો થયો હતો.

બજારના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગઈકાલે ચાંદીમાં ઉછાળો થયો હતો અને તે આજે તેમાં વધુ સુધારો થયો હતો કારણ કે વૈશ્વિક બજારમાં સુધારો થવાના પગલે તેની સીધી અસર દેશના ઝવેરી બજારમાં જોવાઈ હતી. આ ઉપરાંત ઔદ્યોગિક એકમોની સારી લેવાલી અને બહારથી માલની આવક અકટતા ચાંદીના ભાવમાં ઉછાળો થયો હતો તે ચાંદી ૯૯૯માં ખુલતા ભાવ રૂા.૩૧૫૦૫ હતો તે વધીને રૂા.૩૧૬૯૦ થયો હતો તેમાં રૂા.૧૮૫નો ઉછાળો થયો હતો અને આમ ચાંદીએ આજે પણ ફરીથી ઐતિહાસિક સપાટી રચી હતી.

છેલ્લા બે દિવસથી સોનામાં વૈશ્વિક બજારના સ્ટોકીસ્ટોની લેવાલીના અભાવે સોનામાં નરમાઈ થઈ હતી અને તેના પરિબળો સ્થાનિક ઝવેરી બજારમાં પણ વેચવાલી થઈ હતી આ ઉપરાંત દાગીના બનાવનારોની લેવાલીનો અભાવ અને પરદેશના બજારોની નબળી ખુલ્લાઈને કારણે સોનાની તમામ જાતોમાં ઘટાડો થયો હતો તે સ્ટા. સોનામાં રૂા.૯૫ ઘટાડા સાથે રૂા.૧૮૯૭૦ના બંધ ભાવ હતા.

## વિવિધ બજારો

### અમદાવાદના બજારો

#### સોના-ચાંદી

| | |
|---|---|
| ચાંદી ચોરસા | ૩૦૭૦૦/૩૧૦૦૦ |
| ચાંદી રૂપુ | ૩૦૫૦૦/૩૦૮૦૦ |
| સિક્કા જૂના | ૪૦૦/૪૩૦ |
| ચાંદી સિક્કાન નવા | ૧૭૫/૧૯૦ |
| સોનું (સ્ટાન્ડર્ડ) | ૧૯૨૨૫/૧૯૨૭૫ |
| સોનું તેજાબી | ૧૯૧૨૫/૧૯૧૭૫ |
| સોનું (૨૨ કેરેટે દાગીના) | ૧૮૫૦૦ |

#### તેલ બજાર

| | |
|---|---|
| સીંગતેલ જૂના | ૧૪૦૦/૧૪૨૦ |
| સીંગતેલ નવા | ૧૫૦૦/૧૫૨૫ |
| દિવેલ | ૧૧૯૦/૧૨૫૦ |
| કોપરેલ | ૧૦૭૦/૧૦૯૦ |
| કપાસીયા જૂના | ૮૦૦/૮૨૦ |
| કપાસીયા નવા | ૮૩૦/૮૭૦ |
| વનસ્પતી | ૭૯૦/૮૬૦ |
| પામોલિન | ૭૪૦/૭૭૦ |
| મકાઈ | ૮૭૦/૯૪૦ |
| સરસીયું | ૯૫૦/૯૯૦ |
| સોયાબીન | ૮૯૦/૯૨૦ |
| સનફલાવર | ૯૦૦/૯૫૦ |

#### ખાંડ બજાર

| | |
|---|---|
| મધ્યમ | ૨૬૨૫/૨૭૨૫ |
| ઝીણી | ૨૬૦૦/૨૬૫૦ |
| ગુ.સી | ૨૫૬૦/૨૬૦૦ |
| ગુ.ડી | ૨૫૪૫/૨૫૭૦ |
| કોલ્હાસી | ૨૫૨૫/૨૫૬૦ |
| કોલ્હાડી | ૨૪૭૫/૨૫૨૦ |
| બેલાપુર સી | ૨૫૫૦/૨૬૦૦ |
| બેલાપુર ડી | ૨૫૦૦/૨૫૨૫ |

#### અનાજ બજાર

| | |
|---|---|
| ઘઉં | ૧૨૭૦/૨૦૦૦ |
| ચોખા | ૧૬૭૫/૨૩૦૦ |
| બાજરી | ૧૧૦૦/૧૧૭૫ |
| જુવાર | ૧૦૫૦/૨૪૦૦ |
| ચણા | ૨૩૦૦/૨૫૦૦ |
| ચણાની દાળ | ૨૭૫૦/૨૯૫૦ |
| મગ | ૫૨૦૦/૫૫૦૦ |
| મગની દાલ | ૫૪૦૦/૭૦૦૦ |
| તુવેર | ૪૫૦૦/૪૮૦૦ |
| તુવેર દાળ | ૫૦૦૦/૫૮૦૦ |

#### ફ્રૂટ બજાર

| | |
|---|---|
| સફરજન | ૪૦/૧૦૦ |
| ચીકુ | ૩૦/૪૦ |
| કેળા | ૨૦/૩૦ |
| મોસંબી | ૪૦/૬૦ |
| દાડમ | ૨૦/૫૦ |
| પપૈયા | ૧૫/૨૦ |
| નાળિયેર | ૮૦/૧૩૦ |
| પાઈનેપલ ૧ કિલો | ૧૮/૨૦ |

#### ફૂલ બજાર

| | |
|---|---|
| ગુલાબ (૧કિ.) | ૧૦/૨૫ |
| ગલગોટા (૨૦કિ.) | ૨૪૦/૩૫૦ |
| લીલી (૨૦ ઝુડી) | ૨/૩ |
| ડમરો (૨૦ કિ.) | ૧૫/૨૦ |
| ટગર (૧ કિ.) | ૬૦/૭૦ |
| મોગરો | ....... |
| ઝનિય | ૧૪૦/૨૦૦ |

#### મુંબઈના સોના-ચાંદી

| | |
|---|---|
| ચાંદી ૯૯૯ | ૩૧૬૯૦ |
| સ્ટા. સોનું | ૧૮૯૭૦ |

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ | | | |
|---|---|---|---|---|---|
| બટાટા દેશી | ૭૦ | ૧૪૫ | કારેલા | ૧૦૦ | ૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૨૦૦ | ગવાર | ૧૨૦ | ૪૪૦ |
| ડુંગળી નાસિક | ૧૮૦ | ૨૪૦ | ચોળી | ૮૦ | ૨૪૦ |
| રીંગણ | ૮૦ | ૨૦૦ | મરચાં દેશી | ૧૪૦ | ૩૦૦ |
| રવૈયા | ૮૦ | ૨૦૦ | મરચાં ઘોલર | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૮૦ | ૧૮૦ | લીંબુ | ૫૦ | ૨૮૦ |
| ફુલાવર | ૮૦ | ૧૮૦ | આદુ | ૩૬૦ | ૫૦૦ |
| ટામેટા પાકા | ૨૪૦ | ૪૦૦ | બીટ | ૧૪૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૧૬૦ | ગાજર | ૨૦૦ | ૩૨૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ | કોથમીર | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડા | ૧૦૦ | ૩૦૦ | ગીલોડા | ૧૦૦ | ૩૪૦ |
| કાકડી | ૫૦ | ૧૬૦ | તુરીયા | ૮૦ | ૧૮૦ |
| | | | ગલકા | ૪૦ | ૧૦૦ |

## માત્ર ગેરવર્તણૂક

પ્રથમ પાનાનું ચાલું

પ્રજ્ઞાના જણાવ્યા અનુસાર જો સ્કૂટર ધીમું ન હોત તો આ દુર્ઘટના મોટી સાબિત થઈ હોત.

પ્રજ્ઞાનો આરોપ છે કે શ્રીનિવાસે યુવતીઓ સાથે મારા મારી પણ કરી હતી. જેના પગલે પ્રજ્ઞાના હાથમાં સોજા આવી ગયા હતા. શ્રીનિવાસે યુવતીઓને ઝડપી અને બેદરકારી સાથે સ્કૂટર ચલાવવા માટે ૪૦૦ રૂપિયા આપવાનું જણાવ્યું હતું. ત્યાં એકત્ર થયેલા લોકોએ આ મામલો શાંત પાડીને યુવતીઓને ઘરે જવા જણાવ્યું હતું.પ્રજ્ઞાએ જણાવ્યું હતું કે, હોમગાર્ડની આ ગેરવર્તણુકનો સાક્ષી એક સબ ઈન્સપેકટર કૃષ્ણ હતો. પરંતુ તેણે પણ કંઈ જણાવ્યું ન હતું. પ્રજ્ઞાના જણાવ્યા અનુસાર, આ ઘટનાની જાણ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ બીએનએસ રેડ્ડીને કરવામાં આવી હતી.

## મુંબઈ પ્રથમ પાનાનું ચાલું

ટેલિફોન પર વાતચીતમાં તેઓએ સંબંધિત અધિકારીઓ પર આધારિત એક પંચની સ્થાપના કરવાના મુદ્દે મંત્રણા કરી હતી જે મેજિસ્ટ્રેટ તથા પોલીસ અધિકારીનું નિવેદન નોંધવા માટે ભારતના પ્રવાસે આવશે.

## ભારતને

પ્રથમ પાનાનું ચાલું

૧૦.૧૦ લાખ રૂપિયા હશે પરંતુ આ સંદર્ભમાં અંતિમ નિર્ણય પાર્ટી પ્રમુખ પ્રચંડ સાથે ચર્ચા બાદ લેવામાં આવશે. નેપાળની એક ટીવી ચેનલે રેકોર્ડ કરાયેલી વાતચીતના આધારે દાવો કર્યો હતો કે, ચીની જાસૂસે આમ પણ પૂછયું હતું કે, શું અમે એટલા સાંસદોને ખરીદવાની સ્થિતિમાં છીએ કે ત્યાં ચીન સમર્થિત સરકાર બની શકે. તેના જવાબમાં સાંસદે જણાવ્યું હતું કે, જો કે હાલમાં આ બાબત જણાવવી ઘણી મુશ્કેલ છે.

નેપાળમાં ડાબેરી ઉગ્રવાદીઓ ઘણા વર્ષોના સશસ્ત્ર આંદોલન બાદ વર્ષ-૨૦૦૬માં દેશના મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ ગયા હતા. ત્યારબાદ સામાન્ય ચૂંટણીઓમાં પણ તેમણે ભાગ લીધો હતો અને સરકારમાં પણ જોડાયા હતા. વર્તમાન સમયમાં માધવકુમાર નેપાળ દેશના કામચલાઉ વડાપ્રધાન છે તેમણે માઓવાદીઓના ભારે દબાણને કારણે ગત ૩૦ જૂને રાજીનામું આપી દીધું હતું ત્યારથી માંડીને અત્યાર સુધી પાંચ તબક્કાથી ચૂંટણીઓ યોજાઈ ગઈ છે. પરંતુ સાંસદોએ નેપાળી કોંગ્રેસના ઉપાધ્યાક્ષ રામચન્દ્ર પોડયાલ અને તેમના હરીફ માઓવાદી નેતા પ્રચંડને વડાપ્રધાન બનાવવાનો ઈન્કાર કરી દીધો હતો.

### અંતે પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ લગ્ન સંપન્ન થયા

# પ્રેમી સાથે જવાની જીદ પકડતાં મા-બાપે દીકરીના પહેરેલા દાગીના કઢાવી લીધા!

### પિતાએ અરજી કરી તેની પુત્રીને ગોંધી રખાયાની ફરિયાદ કરી હતી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૪

સુરતના ચકચારભર્યા હિન્દુ-મુસ્લિમ પ્રેમપ્રકરણનો આજે સુખદ અંત આવ્યો હતો, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.એમ.કાપડિયા અને જસ્ટિસ જે.સી.ઉપાધ્યાયની ખંડપીઠે ફેશન ડિઝાઈનર સુહાગી અને પ્રેમી શહેઝાદના લગ્નમાં કોઈ અડચણ ના આવે તે માટે પોલીસ રક્ષણ હેઠળ લગ્ન યોજવા આદેશ કર્યો હતો. આમ હાઈકોર્ટના હુકમ બાદ શનિવારે તેમના લગ્ન સંપન્ન થયાં હતાં. મહત્ત્વનું છે કે,હાઈકોર્ટમાં સુહાગીએ સ્પષ્ટતા કરી હતી કે, તે પોતાની મરજીથી પ્રેમી પાસે આવી છે, કોઈ બળજબરી કરવામાં આવી નથી. પ્રેમિકાના આ વિધાન બાદ નારાજ થયેલા માતા પિતાએ કોર્ટ રૂમની બહાર સુહાગીના પહેરેલા દાગીના સુદ્ધાં કઢાવી લીધા હતા.

એડવોકેટ નાસીર સૈયદ અને સિકંદર સૈયદે રજૂઆત કરી હતી કે,પ્રેમિકાના પિતા ભરતભાઈએ રિટમાં આક્ષેપ કર્યા છે કે તેમની દીકરીને ગોંધી રાખવામાં આવી છે.વાસ્તવમાં આ આક્ષેપ તદ્દન બેબૂનિયાદ છે. અગાઉ આ જ પ્રેમી પંખીડાઓએ લગ્ન પહેલાં હાઈકોર્ટમાંથી રક્ષણ મેળવ્યું હતું.મહત્ત્વનું છે કે,સુહાગીના પિતા ભરતભાઈએ રિટ કરીને પુત્રીને મુક્તિ અપાવવા દાદ માગી હતી.કોર્ટમાં સુનાવણી પ્રક્રિયા દરમિયાન સુહાગી હાજર થઈ ત્યારે તેના માતા-પિતાએ પુત્રીને મળવા દેવા દાદ માગી હતી જોકે તેણીએ ઈન્કાર કરી દીધો હતો.અંતે સમજાવટ બાદ સુહાગી માતા પિતા સાથે વાતચીત કરવા તૈયાર થઈ હતી.બાદમાં યુવતીએ કોર્ટમાં જવાબ રજૂ કર્યો હતો કે,કોઈએ મને ગોંધી રાખી નથી.તેણી શહેજાદ સાથે લગ્ન કરવા માંગે છે. તેણે એટલું પણ કહી દીધું હતું કે,તેના પરિવારમાં શહેજાદ એટલા માટે ખરાબ લાગે છે કે તે મુસ્લિમ છે.તેણીને તેના જાનનું જોખમ છે.અંતે કોર્ટે યુવતીને તેની મરજી મુજબ પ્રેમી સાથે મોકલી આપવા અને પોલીસની હાજરીમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત હેઠળ લગ્ન યોજવા ફરમાન કર્યું હતું,જે લગ્ન આજે સંપન્ન થયા હતા.

## માહે રમઝાન પાનાનું ચાલું

વ્યવસ્થા પણ મદ્રસા તરફથી થાય છે. અને એમાં મધ્યાહન ભોજનની જેમ કોઈ કૌભાંડ થતું નથી. આપવામાં આવતું ભોજન પણ રદ્દી હોતું નથી.

આપણી પાસે ઝકાત ઉઘરાવવાની કોઈ કેન્દ્રીય વ્યવસ્થા નથી; કોઈ નજર રાખનાર બોડી નથી, અને છતાં માત્ર ખુદાના ખોફને કારણે બધું સરખું ચાલે છે. મૂળ વાત ખુદાનો ડર છે, કાયદો નહીં.

તો હવે આ જ ઝકાતથી ઉચ્ચ શિક્ષણની દુન્યવી તાલીમ આપતી સંસ્થાઓ પણ સ્થાપી શકાય, એવું નથી લાગતું. મુસ્લિમોના, શિક્ષણના ઘણા પ્રશ્નો છે તેમાંનો મૂળ પ્રશ્ન છે, ‘‘ડ્રોપ આઉટ’’ અને ડ્રોપ આઉટનું કારણ છે પૈસાનો અભાવ અને દિવસે દિવસે મોંઘું થતું જતું શિક્ષણ. મોંઘું અને અનિવાર્ય ટયૂશન, મોંઘી ચોપડીઓ, નોટબુકો અને એમાં પણ સરકારશ્રીના આશીર્વાદથી ફંડ ઉઘરાવાતો DONATION. એ પ્રથા નાબૂદ થવી જોઈએ, પણ એનાથી વિરૂદ્ધ ડોનેશન આપનારને સરકાર ITમાં અમુક કલમ હેઠળ બાદ આપે છે.ઘણી સેવાભાવી મુસ્લિમ સંસ્થાઓ દર વર્ષે ચમકતા તારલાઓને નોટ, ચોપડીઓ વગેરે આપે છે. ખૂબ પ્રશંસનીય કામ છે. પણ એ જ ઝકાતના પૈસો વડે.

ગણિત અને સાયન્સ મોંઘા ટયૂટરને પણ એક વર્ષ માટે રોકી શકાય જેમાં દસ અને બારમાં ધોરણના ગરીબ, મુસ્લિમ વિદ્યાર્થીઓ વર્ષ દરમ્યાન ગણિત અને સાયન્સનું મફત સામૂહિક ટયૂશન મેળવે, તો કદાચ મુસ્લિમ વિદ્યાર્થીઓ ટોપ કરતા થઈ જાય.

કેટલાક સખી દાતાઓ ગરીબ મુસ્લિમોના સમૂહ લગ્નો કરાવી આપવાની સુંદર વ્યવસ્થા ગોઠવે છે, કેટલાક હવે હોસ્પિટલો ચલાવવા લાગ્યા છે. તેવી જ રીતે કોમના સાર્વજનિક કામોનો આ વ્યાપ અને વિસ્તાર હજુ વૈવિધ્યપૂર્ણ રીતે વિકસાવી શકાય.

ઘણા બધા મદ્રસાઓના સંચાલકોઓએ/ ઉલમાએ કિરામે હવે મદ્રસાની સાથે સાથે શાળાઓ પણ શરૂ કરી જ છે, ખાસ કરીને ઈંગ્લીશ માધ્યમ વાળી શાળાઓ. આ એક શુભ શુકન છે. આમેય હવે સરકાર નવી સ્થપાતી શાળાઓને ગ્રાન્ટ ફાળવતી નથી. સરકાર તો બાપડી પોતાના MPઓને સાચવે કે પ્રજાના શિક્ષણ પાછળ ખર્ચે. હવે કદાચ ધારાસભ્યોને એ જ પ્રમાણે લહાણી કરવામાં આવે તો નવાઈ નહીં. તેથી જ એમણે SELF FINANCED શિક્ષણનો આશ્રય લીધો છે. ત્યાં બેફામ ફી વધારો અને લૂંટને છુટો કાયદેસરનો દોર આપ્યો છે.

જો SELF FINANCED શાળાઓ કે કોલેજો હોઈ શકે તો ઝકાત/ ખૈરાત/સદકાત ફાઈનાન્સડ શાળાઓ અને કોલેજો કેમ ન હોઈ શકે ? જયાં માત્ર આર્થિક રીતે નબળા એવા વર્ગમાં સંતાનો મફત ભણે અથવા નજીવી ફીમાં ભણે મદ્રસામાં પણ જેઓ આપી શકે તેમ હોય તેઓ પોતાની યથાશક્તિ પ્રમાણે આપીને ભણે છે.

## ડીસાના મોટી આખોલમાં ૭ જુગારી રંગે હાથે ઝડપાયા

ડીસા, તા.૪

ડીસામાં અત્યારે જુગારની બદી ફુલીફાલી છે ત્યારે બાતમીના આધારે ડીસા તાલુકાના મોટી આખોલ ગામે પોલીસે રેડ કરી સાત જુગારીયાને ઝડપી પાડી જેલ હવાલે કરી દીધા હતા.

મળતી માહિતી મુજબ મોટીઆખોલ ગામે જુગારીઓ જુગાર રમતા હતા ત્યારે પોલીસે રેડ પાડી તરસનજી કપુરજી ઠાકોર સહિત સાત જુગારી તમામ રહે મોટી આખોલવાળાને જુગાર રમતા સાહિત્ય સાથે રૂા.૪૧૯૦ કબ્જે કરી જુગારધારા કલમ મુજબ ગુનો નોંધી જેલ હવાલે કરી વધુ તપાસ પ્રતાપસિંહ ચલાવી રહ્યા છે.

### જેતપુર, વંથલી, જલાલપોર અને ધંધુકા

# રાજયની ચાર નગરપાલિકા કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી

### ધંધુકા ન.પા.માં ભાજપના જ સાત સભ્યોનો બળવો

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં કેટલીક નગરપાલિકાઓમાં પ્રમુખ પદની મુદત પૂરી થતાં આજે નગરપાલિકાના પ્રમુખ તરીકેની ચૂંટણીઓ હતી. જેમાં કોંગ્રેસે રાજકોટ જિલ્લામાં જેતપુર, જૂનાગઢ જિલ્લામાં વંથલી, નવસારી જિલ્લામાં જલાલપોર, અમદાવાદ જિલ્લાની ધંધુકા નગરપાલિકાઓ ભાજપ પાસેથી આંચકી લીધી છે તેવું આજે પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ગીરીશ પરમારે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, રાજકોટ જિલ્લાની ભાયાવદર, ધોરાજી, જૂનાગઢ જિલ્લાની માંગરોળ, સાબરકાંઠા જિલ્લાની તલોદ અને બનાસકાંઠાની ધાનેરા નગરપાલિકાઓમાં કોંગ્રેસે સત્તા જાળવી રાખી છે. ધંધુકા નગરપાલિકાના ભાજપના સાત (૭) સભ્યોએ કોંગ્રેસ તરફી મતદાન કરીને ભાજપને સત્તાથી વિમુખ કરી નાખી છે.

## ઝડફિયા પાનાનું ચાલું

એસ.આઈ.ટી.એ આ આદેશ બાદ વધારાની તપાસ શરૂ કરી દેતા નવેસરથી નિવેદનો નોંધવાની શરૂઆત કરી દીધી છે.

અમદાવાદના ત્રણ મોટા કોમી હત્યાકાંડ સાથે સંકળાયેલા આરોપીઓ અને સાક્ષીઓ તથા તેઓ સાથે સંપર્ક ધરાવનારાઓની સીટ દ્વારા પૂછપરછ થઈ રહી છે અને તેમાં પૂર્વ ગૃહ રાજયમંત્રી ગોરધન ઝડફીયાનો પણ વારો આવવાનો જ છે. ઝડફીયાને વિધિવત સમન્સ પાઠવવાનો તખ્તો ઘડાઈ રહ્યો હતો ત્યારે જ તેઓએ સીટને સામે ચાલીને પત્ર લખી પૂછપરછ અર્થે બોલાવવાની માંગ કરી છે તેનાથી ભારે આશ્ચર્ય ફેલાયું છે.

સુપ્રીમ કોર્ટે જયારે ઝડફીયાની ભૂમિકાની તપાસનો આદેશ કર્યા હોય તો તેઓને સીટ બોલાવવાની જ છે પરંતુ ઝડફીયાએ સીટના સત્તાવાર તેડાની રાહ જોવા વિના કેમ સીટને સામે ચાલીને પત્ર પાઠવ્યો?

તેઓ સીટને કંઈક જણાવવા જ માંગતા હતા તો અત્યાર સુધી સીટ દ્વારા તેઓને ત્રણ વાર અને તે પણ કલાકો સુધી બોલાવવામાં આવ્યા તે વખતે કેમ ન જણાવ્યું અને હવે જ્યારે સુપ્રીમના આદેશથી નવી તપાસ આગળ વધી રહી છે ત્યારે જ કેમ પત્ર પાઠવ્યો.

આ પ્રશ્નનો ઉત્તર મેળવવા ગુજરાત ટુડેએ ગોરધન ઝડફીયાનો સંપર્ક સાધ્યો તો તેઓએ કંઈ પણ જણાવવાનો એમ કહીને ઈનકાર કરી દીધો કે એ તપાસનો વિષય છે. શું તમે આવો કોઈ પત્ર પાઠવ્યો છે કે કેમ તેના ઉત્તરમાં પણ હાં કે ના કંઈ પણ કહેવાનું ટાળી દીધું હતું.

એસઆઈટીના સૂત્રોએ ઝડફીયાનો પત્ર મળ્યો હોવાની વાતને સમર્થન આપ્યું છે પરંતુ તેમાં શું લખ્યું છે તે જણાવવાનો ઈનકાર કરી દીધો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઝડફીયાએ એસઆઈટીને પત્ર લખી પોતે સાક્ષી બનવા માંગે છે તથા કેટલીક હકીકતો જણાવવા માંગે છે તેવું જણાવ્યું છે પરંતુ એસઆઈટી સૂત્રો કહે છે કે કોઈ આ રીતે સાક્ષી બનાવવાનું કહે અને સાક્ષી બનાવી દેવાય તેવું કોઈ ગુનાની તપાસમાં થતું નથી અને તોફાનોનો કેસ તો અત્યંત ગંભીર છે.

ઝડફીયાના આ પત્ર પછી જ સીટ વડા આર.કે. રાઘવન ગુજરાત ખાતે લંબાણપૂર્વક રોકાયા છે તેઓનો આ કાર્યક્રમ પૂર્વ નિર્ધારિત હતો પરંતુ આ મુલાકાતમાં તેઓએ અધિકારીઓ સાથે યોજેલ મીટિંગમાં ઝડફીયાના પત્રની ચર્ચા કરી જ હોય શકે. ઝડફીયાને પૂછપરછ અર્થે બોલાવવા સીટના અધિકારીઓ તખ્તો ગોઠવી ચુકયા છે પરંતુ સમન્સની તારીખ જયાર સુધી જાહેર નહીં થાય ત્યાર સુધી અટકળોનો દોર ચાલતો રહેશે.

## શાળાનું

પ્રથમ પાનાનું ચાલું

નિરંતરતા વચ્ચે સંતુલન સ્થાપવા તથા બીજી બાજુ આગળ આવીને પહેલ કરવા અને પરિવર્તનની આવશ્યકતા જેવા મુદ્દાઓ પર ભાર આપ્યો હતા. શિક્ષણ સંબંધિત સુધારાઓમાં અને દેશના અત્યંત મુલ્યવાન રાષ્ટ્રીય સંસાધનમાં શિક્ષકોને અગ્રણી ભાગીદાર ગણાવતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે આ ખુબ જ દુઃખની વાત છે કે, આપણી શિક્ષણ પ્રણાલીમાં રીતિ નિર્માણ, વહીવટીતંત્ર અને સંચાલનની પ્રક્રિયાની શિક્ષકોને મોટા-ભાગે અલગ રાખવામાં આવે છે. એટલું જ નહિ પણ નિયમિત નિર્દેશાત્મક રણનીતિઓ અને નિર્ણય લેવાની પ્રક્રિયાનાં પણ તેમને સામેલ કરવામાં આવતાં નથી. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ સંબંધિત સુધારણાના ભાગ તરીકે શિક્ષકોને અધિકાર સંપન્ન બનાવવા પ્રત્યે ભાર આપવો જોઈએ. જે હેઠળ શિક્ષણનાં વિકાસ અને પરિવર્તન માટે નીતિ નિર્માણ તથા નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેમને સામેલ થવાની તક મળે. વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે હું માનું છુ કે, બધા શિક્ષકો રચનાત્મક અને પ્રતિભા સંપન્ન લોકો છે. જ્યારે તેમને સન્માન આપવામાં આવે છે. અને વર્ગોમાં તેમનાં કામ વિશે નિર્ણય લેવામાં સામેલ કરવામાં આવે છે. ત્યારે તેમની પ્રતિક્રિયા નોંધપાત્ર રહે છે. જ્યારે શિક્ષકોને અભ્યાસક્રમ તૈયાર કરવા, તેને વિકસિત કરવા, શિક્ષણ સામગ્રી, બનાવવા, તેની પસંદગી કરવા જેવી પ્રક્રિયાઓમાં સામેલ કરવામાં આવે છે. ત્યારે તેમનો પોતાનો બૌધ્ધિક અને વ્યવહારિક વિકાસ પણ થાય છે. બધાં જ શિક્ષકોને શિક્ષણ પ્રણાલીના સ્તર અને તેના સમાવેશ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. વિદ્યાર્થીઓની પહોંચ વધારવા, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનાં શીખવા અને તેને આત્મસાત કરવાની પ્રક્રિયાને વધારવાની સાથે સાથે શિક્ષક શિક્ષણ સંબધિત અધિકાર પણ મહત્વપૂર્ણ છે.

## બુકી

પ્રથમ પાનાનું ચાલું

મોહંમદ આસિફ, અને મોહંમદ આમિરના ખાનગી ખાતાઓ અને બુકી મઝહર માજીદ સાથે સેલફોનથી મેસેજની આપ લે તથા ફોન કોલની વિગતો અંગે પૂછપરછ કરી હતી. સ્કોટલેન્ડ યાર્ડ પોલીસે આ ઘટનાક્રમ મુખ્ય આરોપીઓ કપ્તાન સલામાન બટ્ટ, ઝડપી બોલરો મો.આસિફ અને મો. આમિરની પૂછપરછ બાદ કોઈપણ આરોપ લગાવ્યા વિના તેમને મુક્ત કરી દીધા હતા.

મેચ ફિકસિંગના આરોપોમાં સંડોવણી બદલ ખાનગી બેંકે ખાતા, ફોન કોલ અને મેસેજની પૂછપરછ તપાસકારો દ્વારા કરવામાં આવી હતી. મોહંમદ આમિરની પાંચ કલાકની પૂછપરછ દરમ્યાન તેણે સટોડિયા માજીદને મેસેજ મોકલ્યા અંગેની પૂછપરછ કરવામાં આવી હતી. ‘હું આમ કરીશ કે નહીં’ તેવો મેસેજ મોહંમદ આમિરે ગત અઠવાડિયે ઈંગ્લેન્ડ વિરૂધ્ધની લોર્ડસ ટેસ્ટ દરમ્યાન નો-બોલ પ્રકરણ પહેલાંની રાત્રે માજીદને કર્યો હતો. એક ટોચના અખબારે માહિતી આપી હતી કે સટોડિયા માજીદે ખેલાડીઓના નામ જે બેંકોમાં નોંધાયા હતા તેવી ‘ન્યુઝ ઓફ ધ વર્લ્ડના’ જણાવ્યા પ્રમાણે સ્વીચ તથા બ્રિટિશ બેંકોમાં તેમના ગુપ્ત ખાતાઓ અંગે સઘન પૂછપરછ કરવામાં આવી હતી. સમાચાર પત્રે જણાવ્યું હતું કે સૌથી શંકાસ્પદ બાબત બટ્ટના રૂમમાંથી રોકડ નાણા મળી આવ્યા તે છે. અહેવાલોમાં જાણવા મળ્યું કે તેના રૂમમાંથી ૫૦,૦૦૦ પાઉન્ડ મળી આવ્યા હતા જો કે બટ્ટના જણાવ્યા પ્રમાણે આ વિદેશી નાણા તેની બહેનના દહેજ માટેના છે. આઈસીસી ભ્રષ્ટાચાર વિરોધી સુરક્ષા યુનિટના પ્રમુખ સર રુનિ ફલેનેગને પણ આશંકા વ્યક્ત કરી છે કે આ કેસમાં કેટલાક ચોંકાવનારા તથ્યો બહાર આવી શકે છે.